# પરીક્ષા માળખું જુનિયર કલાર્ક વર્ગ-૦૩

## તબક્કો -૧ પ્રિલિમિનરી પરિક્ષા માટેનું માળખું

**ભાગ :૧ પ્રિલિમિનરી પરિક્ષા માટેનો અભ્યાસક્રમ ૧૦૦ ગુણ સમય: ૬૦ મિનિટ**

| | | |
|---|---|---|
| ૧. | તાર્કિક અભિયોગ્યતા (Reasoning) | ૪૦ ગુણ |
| ૨. | સાખ્યિકવલણ (Quantitive Aptitude) | ૩૦ ગુણ |
| ૩. | અંગ્રેજી (English) | ૧૫ ગુણ |
| ૪. | ગુજરાતી (ગુજરાતી) | ૧૫ ગુણ |
| | કુલ.... | ૧૦૦ ગુણ |

૧. હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ (એક) ગુણનો રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં, "પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)'નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬. અશક્ત(દિવ્યાંગ) વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.

૭. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૮. પ્રાથમિક કસોટી ફક્ત સ્કિનિંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.

૯. પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા(૧:૭) ઉમેદવારોને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

૧૦. મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

SHRIMATI S. M. PANCHAL SCIENCE COLLEGE TALOD 383215

# તબક્કો -૨ મુખ્ય પરીક્ષા માટેનું માળખું

ભાગ ૨: મુખ્ય પરીક્ષા માટેનો અભ્યાસક્રમ ૨૦૦ ગુણ સમય: ૧૨૦ મિનિટ

| | | |
|---|---|---|
| ૧ | અંગ્રેજી (English) | ૨૦ ગુણ |
| ૨ | ગુજરાતી (Gujarati) | ૨૦ ગુણ |
| ૩ | રાજ્યશાસ્ત્ર/ જાહેર વહીવટ આરટીઆઈ (માહિતિનો અધિકાર અધિનિયમ)સીપીએસ/પીસીએ<br>(Polity, Public Administration / RTI / CPS / PCA) | ૩૦ ગુણ |
| ૪ | ઈતિહાસ, ભૂગોળ, સાંસ્કૃતિક વારસો<br>(History, Geography, Culture Heritage) | ૩૦ ગુણ |
| ૫ | અર્થશાસ્ત્ર, પર્યાવરણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી<br>(Economics, Environment, Science & Technology) | ૩૦ ગુણ |
| ૬ | વર્તમાન બાબતો અને રીઝનિંગ સાથે વર્તમાન બાબતો<br>(Current Affairs & Current Affairs with Reasoning ) | ૩૦ ગુણ |
| ૭ | તાર્કિક અભિયોગ્યતા<br>(Reasoning) | ૪૦ ગુણ |
| | કુલ.... | ૨૦૦ ગુણ |

૧. હેતુલક્ષી પ્રકારની મુખ્ય પરીક્ષામાં, બહુવિધ વિકલ્પવાળા (મલ્ટીપલ ચોઈસ) પ્રશ્નોનો સમાવેશ થશે.

૨. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫. દરેક પ્રશ્નમાં, "પ્રયાસ નહિ કરેલ (નોટ એટેમ્પ્ટેડ)"નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે/તેણી આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો પછી, તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૭. અશક્ત(દિવ્યાંગ) વર્ગના હોય તેવા ઉમેદવારોને, પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપી શકાશે.

SHRIMATI S. M. PANCHAL SCIENCE COLLEGE TALOD 383215

## <u>લઘુત્તમ લાયકી ધોરણ:-</u>

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્ક્સ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

SHRIMATI S. M. PANCHAL SCIENCE COLLEGE ★ TALOD 383215